## ન્યૂઝ-ફ્લેશ

- વ્યાપમ કૌભાંડ સંદર્ભે વધુ એકના મોતથી ભારે ખળભળાટ ફેલાયો
- ગ્રીસ જનમત સંગ્રહ : બેલઆઉટ પેકેજને લોકોએ આખરે ફગાવ્યો
- અપરિણિત માતા પિતાની બહાલી વગર બાળકની ગાર્ડિયન હોઇ શકે : સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક અને સીમાચિન્હરૂપી ચુકાદો
- વર્ષ ૨૦૨૦ સુધીમાં તમામ ટ્રેનોમાં બાયોટોઇલેટ રહેશે

સુવિચાર : ભલાઇ કર્યા પછી તેનું અભિમાન કરવું એ અધોગતિ છે, પોતાના સ્વભાવને શુદ્ધ બનાવવો એ ઉન્નતિ છે - ડો. પ્રણવ પંડ્યા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૧૮ ૭ જુલાઇ, ૨૦૧૫, મંગળવાર ; અધિક અષાઢ વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# વરસાદ ખેંચાતા ખેડૂત ચિંતાતુર

## હવામાનમાં વાંરવારના બદલાવે ખેડૂતની મુંઝવણ વધારી : ૫૦ હજાર હેકટરમાં વાવેતર થયું છે : વરસાદ ખેંચાતા પાણી મેળવવા ખેડૂતોની દોડધામ

ગાંધીનગર, તા.૬

જિલ્લામાં મેઘરાજાનો બીજા રાઉન્ડ લંબાઈ જતાં ખેડૂતોમાં ચિંતાનું મોજુ પ્રસરી જવા પામ્યું છે. જિલ્લામાં ખરીફ સિઝનમાં અત્યાર સુધીમાં ૫૦ હજાર હેકટર કરતાં વધુ વિસ્તારમાં વાવેતર થઈ ચુકયું છે.

જિલ્લામાં મેઘરાજાએ સમયસર આગમન કરતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી અને વાવણીની કામગીરીમાં જોતરાઈ ગયા હતા.

મેઘરાજાનો બીજો રાઉન્ડ દસ દિવસ પછી પણ ન આવતાં ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે હવે જો એકાદ-બે દિવસમાં વરસાદ ના થાય તો ખેડૂતોને સિંચાઈનું પાણી વાપરવું પડે.

જિલ્લામાં રોજ વાદળો ઘેરાય છે અને વરસતા નથી તેથી ખેડૂતોમાં ચિંતા વધુને વધુ ઘેરી બનતી જાય છે. વાતાવરણમાં અત્યારે ઉનાળા જેવી ગરમીને કારણે જમીનમાં જે ભેજ હતો તે પણ ઓછો થઈ રહ્યો છે અને પાકના ઉગાવા પર વિપરીત અસરો ના થાય તે માટે પાણીનું આયોજન કરી પાકને બચાવવામાં ખેડૂતો હાલ વ્યસ્ત બન્યા છે.

ગાંધીનગર જિલ્લામાં સિંચાઈની સુવિધા પણ નહિવત છે. નર્મદાનું અને સુજલામ સુફલામનું નેટવર્ક પણ હજુ અહીં જિલ્લામાં જેટલું જોઈએ તેટલું વિસ્તર્યું નથી. જિલ્લો આમેય ઓવર એકસપ્લોઈટેશન ઝોનમાં છે એટલે પાણીની તકલીફ ખેડૂતોને સતાવી રહી છે.

વાતાવરણમાં વારંવાર થઈ રહેલા ફેરફારોથી પણ ખેડૂતો ચિંતામાં છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ વાવેતર કપાસ ઉપરાંત જુવાર ઘાસચારાનું જણાયેલ છે. અન્ય પાકોનું વાવેતર થયું છે પણ પ્રમાણ ઘણું ઓછું છે.



વાતાવરણમાં બદલાવ - ગાંધીનગર - અમદાવાદમાં છેલ્લા ત્રણ દિવસથી વારંવાર વાતાવરણમાં બદલાવ આવે છે... ક્યારેક વાદળોથી છવાયેલું આકાશ વરસાદનો અણસાર આપે છે... તો ક્યારેક ૩૮ ડિગ્રી સુધી પારો પહોંચતા ઉનાળાનો અહેસાસ કરાવે છે... તો વળી તોફાની પવન અષાઢી માહોલનો અનુભવ કરાવે છે... એક જ દિવસમાં ત્રણેય ૠતુનો અનુભવ આપણને કેટકેટલા પ્રશ્નો ઉભા કરે છે... વરસાદ પડશે કે નહિ ? અને પડશે તો ક્યારે અને કેટલો ? આવા અનેક પ્રશ્નો વચ્ચે દિવસ પસાર થાય છે... અને વરસાદ ખેંચાતો જાય છે... પ્રારંભિક દિવસે દસ ટકા વરસાદ વરસીને ખાતુ ખોલાવ્યું પરંતુ છેલ્લા દસ દિવસથી વરસાદ ખેંચાતા ખેડૂતો, પક્ષીઓ, પશુઓ ભારે ચિંતામાં ડૂબ્યા છે... આવનારા દિવસોમાં વરસાદ પડે એમ જન-જન ઈચ્છી રહ્યું છે...

## સે-૨૯માં ૧૦ વર્ષીય કિશોરને કોલેરા પોઝીટીવ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૯માંથી દસ વર્ષના કિશોરને આજે કોલેરા પોઝીટીવ આવતાં મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે.

**શુક્રવારથી બિમાર કિશોરને સારવાર માટે સિવિલમાં ખસેડાતાં આજે રિપોર્ટ પોઝીટીવ આવ્યો**

મળતી વિગતો પ્રમાણે શુક્રવારથી આ કિશોર સહિત તેના પરિવારના ચાર જણાને ઝાડાની ફરિયાદ હતી. સ્થાનિક દવાખાનામાં સારવાર લેતાં બેની તબિયત સારી થઈ જવા પામી હતી. જો કે આ કિશોર અને તેની માતાની તબિયતમાં સુધારો થયો ન હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આ કિશોરને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે અને ત્યાં તેની તબિયત સુધારા પર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ કિશોરને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ આવતાં તેનું પરીક્ષણ કરતાં તેને કોલેરા પોઝીટીવ જણાયો છે.

માતાને પણ તબિયતમાં નહિવત સુધારો નોંધાયો છે આમ છતાં તંત્ર દ્વારા ઓબ્ઝર્વેશન ચાલુ રખાયું છે.

મનપાના આરોગ્ય તંત્ર દ્વારા સે-૨૯માં કિશોરના મકાનની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે પરંતુ કોઈ કેસ મળ્યા નથી.

મળતી વિગતો પ્રમાણે કિશોરના પરિવારે પાણીપુરી ગુરુવારે મોટી માત્રામાં ખાધી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં કોલેરા પોઝીટીવનો આ બીજો કેસ નોંધાયો છે. અગાઉ પાલજમાં એક શ્રમિક આ બિમારીમાં પકડાયો હતો.

ગાંધીનગર શહેરમાં મળેલા આ બીજા કેસને લઈ તંત્રએ સર્વેલન્સ સઘન બનાવ્યું છે. જિલ્લામાં કોલેરાના ૪ કેસ નોંધાયા છે. આ સિઝનમાં સમગ્ર જિલ્લામાં ૬ જેટલા કેસો નોંધાયા છે. જો કે બધા જ કેસો છુટા છવાયા નોંધાયા હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

## ૧૪મીએ જિલ્લા કલેક્ટર કચેરીમાં સાબરકાંઠા-અરવલ્લી અને ગાંધીનગરની રજુઆતો ચૂંટણી પંચ સાંભળશે

ગાંધીનગર, તા. ૬

આગામી ૧૪મી જુલાઈના રોજ નગરપાલિકાની આવી રહેલી ચૂંટણીઓના સીમાંકનને લઈ સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાના વાંધાઓ અંગે ચૂંટણી પંચ રજુઆતો કલેક્ટર કચેરી ગાંધીનગર ખાતે સાંભળશે.

રાજ્ય ચૂંટણી પંચના નિકટવર્તી સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીનગર જિલ્લાની બે નગરપાલિકાઓ કલોલ અને દહેગામ ઉપરાંત સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની નગરપાલિકાઓના સીમાંકન અંગેની રજુઆતો ૧૪મીએ ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે સાંભળશે.

બપોરના સમયે રાજ્ય ચૂંટણીપંચના અધિકારીઓ કલેક્ટર કચેરી આવી પહોંચશે અને જિલ્લાવાર રજુઆતો સાંભળી પોતાનો અહેવાલ તૈયાર કરશે. જે પંચની બેઠકમાં નિર્ણય માટે રજુ થશે.

શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ એક તબક્કાવાર યોજવા તેમજ જિલ્લા તાલુકા-પંચાયતોની ચૂંટણી બીજા તબક્કામાં યોજવા માટેની પંચે તૈયારીઓ કરી લીધી છે.

પંચ આ ચૂંટણીની તૈયારીના ભાગરૂપે જ આજથી વિવિધ શહેરી વિસ્તારોની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંદર્ભે રજુઆતોને સાંભળવાનો સિલસિલો આરંભી રહેલ છે. સૌરાષ્ટ્ર વિસ્તારથી આ રજુઆતો સાંભળવાનો સિલસિલો આરંભાઈ રહ્યો છે.

આ માસના અંત સુધીમાં શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયાઓને વેગવંતી બનાવવાનું આયોજન છે. આ પછી જિલ્લા-તાલુકા પંચાયતોની બીજા તબક્કામાં ચૂંટણીની તૈયારીઓને વેગીલી બનાવવામાં આવશે. સપ્ટેમ્બર માસથી સમગ્ર તંત્ર ચૂંટણીમય માહોલમાં રૂપાંતરિત થઈ જશે તેમજ રાજ્યમાં પણ રાજકીય ગરમાવો જોવા મળશે તેમ રાજકીય વર્તુળો માની રહ્યા છે.


કલ્ચરલ ફોરમની સ્કૂલ્સનો ૧૪મી જુલાઈથી શુભારંભ

પ્રવેશ માટે છેલ્લી તારીખ ૧૦-૭-૨૦૧૫

| | |
|---|---|
| સ્કૂલ ઓફ મ્યુઝિક | સોમવાર અને ગુરૂવાર સાંજે ૬.૩૦ થી ૮.૦૦ |
| સ્કૂલ ઓફ પર્સનાલિટી ડેવલપમેન્ટ | મંગળવાર અને શુક્રવાર સાંજે ૬.૦૦ થી ૮.૦૦ |
| સ્કૂલ ઓફ ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગ | બુધવાર અને શુક્રવાર સાંજે ૬.૦૦ થી ૮.૦૦ |
| સ્કૂલ ઓફ એકિંટગ | બુધવાર અને શનિવાર સાંજે ૬.૦૦ થી ૮.૦૦ |
| સ્કૂલ ઓફ ડાન્સીંગ | શનિવાર : સાંજે ૬ થી ૮ રવિવાર : સવારે ૯ થી ૧૧ |

તમામ અભ્યાસક્રમના છાત્રો માટે ઓરિએન્ટેશન વર્ગ તા. ૧૧-૦૭-૨૦૧૫, શનિવારે. સાંજે ૫.૦૦ કલાકે
સ્થળ : સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ બિલ્ડીંગ, સે-૮, ગાંધીનગર


## ગાંધીનગરમા આજે વક્ફ બોર્ડના પ્રશ્નોનું નિરાકરણ

અમદાવાદ, તા.૬

ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગરમાં આજે ૭, જુલાઈ-૨૦૧૫ના રોજ મુખ્ય કારોબારી અધિકારી જી એચ ખાન અને સભ્ય બદરૂદ્દીના હાલાણીની ઉપસ્થિતિમાં કચેરીના સમય દરમિયાન હાજર રહીને વકફના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે. આથી, તમામ લાગતા વળગતાઓએ તેમના પ્રશ્નોની રજૂઆત કરવા હાજર રહેવા ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગર દક્ષિણ ગુજરાતની ઝોનલ કચેરી તા. ૧ મે ૨૦૧૫થી કોમ્પલેક્ષ શ્રેયાંસ કોમ્પલેક્ષ, અડાજણ-પાટીયા,સુરત ખાતે દર મહિનાના પ્રથમ અને ત્રીજા સોમવાર અને મંગળવારે કાર્યરત કરવામાં આવી છે.


મહેસુલ તલાટી કુલ જગ્યા 2400+
પરીક્ષા નવેમ્બર 2015
(વર્ગ-3) માટે ખાસ બેચ
માસ્ટર કોર્ષ-2016
ગણિત / બુદ્ધિચાતુર્ય કસોટીઓ / જનરલ સ્ટડીઝ / અંગ્રેજી વ્યાકરણ / ગુજરાતી વ્યાકરણ / કોમ્પ્યુટર / પંચાયતી રાજ જેવા તમામ વિષયોનો અભ્યાસ...
ફી માત્ર ₹ 28,000/- (એક સાથે જ ભરવાની રહેશે)
કોર્ષનો સમયગાળો 6 (વધુમાં વધુ)

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 9.7.2015 THURSDAY | બપોરના 3 થી 6 | સોમ થી શુક્ર |
| 23.7.2015 THURSDAY | બપોરના 12 થી 3 | સોમ થી શુક્ર |
| 01.8.2015 SATURDAY | બપોરના સાંજના 12 થી 5 | શનિ/રવિ |

સંપૂર્ણ અધતન સાહિત્ય FREE દર રવિવારે ટેસ્ટ

પરીક્ષામાં 100% પુછાયવાની ખાતરી સાથે જ શિક્ષણ

DY. S.O./ નાયબ મામલતદાર
મુખ્ય પરીક્ષા સંભવિત ઓક્ટોબર 2015
40+ ગુણ આવી શકે તેમ હોય તેવા વિદ્યાર્થીઓ જ પ્રવેશ પાત્ર (પ્રિલિમમાં નાપસ થવાથી ફી પરત)
ફી માત્ર ₹ 48,000/- {મુખ્ય પરીક્ષા માટે}
સંપૂર્ણ સાહિત્ય ફ્રી પરીક્ષા સુધીનો કોર્ષ
દર રવિવારે ટેસ્ટ
કોર્ષનો સમયગાળો 5 (વધુમાં વધુ)

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 9.7.2015 THURSDAY | સવારના 7 થી 10 | સોમ થી શુક્ર |
| 23.7.2015 THURSDAY | બપોરના 3 થી 6 | સોમ થી શુક્ર |

• GS : Mukesh Patel • Guj. : Dr. Rana • Eng. : Dr. U Pandit • Dr. Bhavesh Goswami for GS & C Prajapati for Maths / Reasoning

26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
TCCI EDUCATION PVT. LTD.
MUKESH PATEL : 90990 76788
રૂબરૂ મળવાનો સમય : સોમ થી શનિ, સવારના 10-30 થી 6
328/2, દેના ગુજ. ગ્રામીણ બેંક પાસે, ઘ-2 થી ચ-2ની વચ્ચે, સે.7/A, ગાંધીનગર
હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ | ફોન ઓફીસ સમયે પ્રમાણે કરવો



પરિવર્તન પેનલ
કાર્યાલયનું ઉદ્ઘાટન
ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.
જાહેર નિમંત્રણ
તારીખ : ૦૭-૦૭-૨૦૧૫, મંગળવાર, સાંજે ૬.૦૦ કલાકે
સ્થળ : પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર
નિશાન : ઘોડો

ગાંધીનગર નાગરિક બેન્કની તા. ૧૨-૦૭-૨૦૧૫, રવિવારે યોજાનાર ચૂંટણીમાં અમો પરિવર્તન પેનલના તમામ ઉમેદવારો અમારા કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે બેન્કના માનનીય સભાસદશ્રીઓ, અગ્રણી વડીલો, આગેવાનો, તમામ શુભેચ્છકો અને શુભચિંતકોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

નિમંત્રક : પરિવર્તન પેનલના ઉમેદવારો

૧ અશોકકુમાર ગોપાળદાસ પટેલ (જાખોરા)
૨ અશોકકુમાર રણછોડદાસ પટેલ (ધારાસભ્ય-કોલવડા)
૪ ઘનશ્યામ કાન્તીલાલ પટેલ (પૂર્વ એમ.ડી. -અંબાપુર)
૫ ચંદ્રકાન્ત ચુનીલાલ પટેલ (ધુળાભાઈ-રાંધેજા-સરઢવ)
૬ જયંતિલાલ મોહનલાલ પટેલ (પૂર્વ ચેરમેન-કોન્ટ્રાકટર)
૭ નરેન્દ્રકુમાર મૂળજીભાઈ શાહ (પૂર્વ એમ.ડી.)
૮ પ્રવિણકુમાર ડાહ્યાભાઈ પટેલ (પૂ.ચેરમેન-બેંક,મ.ન.પા, ક્વોલિટી-રાયસણ)
૧૧ મનુભાઈ ભીખાભાઈ પટેલ (ડિરેક્ટર, કોર્પોરેટર-મનપા,ગાંધીનગર-રિદ્રોલ)
૧૨ લાલસિંહ કિશોરજી વાઘેલા (એલ.કે.) (ચેરમેન,ના.કા.ઈજનેર-પેથાપુર)
૧૩ વિક્રમકુમાર કેશવલાલ પટેલ (મેનેજીંગ ડિરેક્ટર - સે-૩, પોર)
૧૪ વિપુલ રમેશભાઈ પટેલ (પૂર્વ એમ.ડી.-બિલ્ડર-એન્જીનીયર)
૧૫ વિષ્ણુભાઈ ઈશ્વરભાઈ પટેલ (પ્રમુખ,ગુજ.રાજ્ય કર્મ. સં.સમિતિ - શેરથા)
૧૬ હિમાંશુ વિઠ્ઠલભાઈ પટેલ (એડવોકેટ-અડાલજ)

ક્વૉલિટી આર્ટ પ્રિન્ટરી, ગાંધીનગર. ફોન : (૦૭૯) ૨૩૨ ૨૨૯૮૫